**ડાયરેક્ટ ❤ સે**

તમે આવો
ને સન્માન મળે
એના કરતાં
તમે જાઓ
ને તમારી ખોટ વર્તાય
એવું જીવન જીવજો

## જન્મદિને વધામણી



**સુવાસ બારોટ**
એક્ઝી. ડાયરેક્ટર, ઇન્ફોસિટી
મો. ૯૦૯૯૯ ૩૯૮૭૯



**સંજય થોરાત 'સ્વજન'**
સાહિત્યકાર અને કોલમિસ્ટ
ગાંધીનગર સમાચાર
મો : ૯૪૨૬૮ ૮૦૪૦૦



**ભવાનસિંહ જી ચૌહાણ**
મો : ૯૯૦૪૪ ૧૭૫૨૧



**રેખાબેન પટેલ**
લાયોનેસ ક્લબ

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
ફિરંગી
૧૨.૩૦, ૩.૩૦
૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
કોકો (૩ડી, અંગ્રેજી)
૭.૦૦

**સ્ક્રીન-૪**
તેરા ઈંતઝાર
સવારે ૧૦.૦૦
જુલી-૨
૧.૦૦
તુમ્હારી સુલુ
૪.૦૦, ૭.૦૦
લવની ભવાઈ
૯.૩૦

**સ્ક્રીન-૫**
ફિરંગી
સવારે ૧૦.૦૦
તેરા ઈંતઝાર
૧૨.૪૫, ૩.૪૫
૬.૪૫, ૧૦.૦૦

### એમ બી પટેલ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલના

# એનએસએસ શિબિર અંતર્ગત સેવાકાર્યો





ગાંધીનગર, તા. ૭

સર્વ વિદ્યાલ કેળવણી મંડળ સંચાલિત એમ બી પટેલ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલ દ્વારા લાયોનેસ કલબ ઑફ ગાંધીનગરના સહયોગથી પાલજ સ્થિત ડૉ. વિક્રમ સારાભાઈ વિદ્યાલય ખાતે એનએસએસ શિબિર ચાલી રહ્યો છે, જે અંતર્ગત પ્રોગ્રામ ઑફિસર ડૉ. વર્ષાબેન પારેખના માર્ગદર્શનમાં વિવિધ સેવાકાર્યો હાથ ધરવામાં આવ્યાં હતાં. પેપ ટેસ્ટ કાર્યક્રમનો લાભ ગામનાં ૮૦ જેટલાં મહિલાઓએ લીધો હતો. આ માટે કેન્સર સોસાયટી, અમદાવાદ સિવિલ હૉસ્પિટલના તબીબોએ પોતાની સેવાઓ પૂરી પાડી હતી. આ ઉપરાંત જરૂરિયાતમંદોને ગરમ કપડાં, વિક્સ, વેસેલિન, હેર ઓઈલની ભેટ ધરવામાં આવી હતી.

ઉલ્લેખનીય બાબત એ હતી કે વિદ્યાર્થીઓએ કાઉન્સેલિંગ કરી ગ્રામજનોને પણ સેવાકાર્યો માટે તૈયાર કર્યા હતા.

આ સેવાકાર્યોને સફળ બનાવવા માટે લાયોનેસ ક્લબનાં પ્રમુખ મીનાક્ષીબેન જયસિંઘાની, સેક્રેટરી નીતા રાણા, સાધનાબેન પરમારે સક્રિય સહયોગ આપ્યો હતો.

આ અગાઉ એનએસએસ શિબિરમાં જોડાયેલા વિદ્યાર્થીઓને યુવા સ્પીકર મહર્ષિ રાવલ દ્વારા 'ઉત્તમ વિદ્યાર્થી બનો' વિષયે પ્રેરણાત્મક ઉદ્બોધન પણ આપવામાં આવ્યું હતું.

# ૯મીએ ગાંધીનગર ટાઉનહૉલમાં શિવરંજની દ્વારા 'જુગલબંધી'

## 'જૂની રંગભૂમિનાં મજેદાર ગીતો' અને જ્યોતિન્દ્ર દવેના હાસ્યનિબંધો આધારિત નાટ્યપ્રયોગ 'આનંદ તરંગ'ની પ્રસ્તુતિ થશે

ગાંધીનગર, તા. ૭

શિવરંજની દ્વારા સંસ્થાના તમામ ગુણીજન સભ્યો માટે ગાંધીનગરમાં સંગીતને લગતા વિશિષ્ટ કાર્યક્રમો કરવામાં આવે છે. સંસ્થાની ઉત્તમ કાર્યક્રમો આપવાની પરંપરામાં આ વખતે વિશિષ્ટ અને શિવરંજનીના ૪૫ વર્ષના ઈતિહાસમાં પહેલી વાર 'જુગલબંધી' કાર્યક્રમનો એક નવો પ્રયોગ કરવામાં આવી રહ્યો છે.

વર્ષોથી જાણીતા જૂની રંગભૂમિના મજેદાર ગીતો સાંભળવા તે એક લ્હાવો તો છે જ પણ સાથે સાથે જ્યોતીન્દ્ર દવેના હાસ્ય નિબંધો પરથી બકુલ ત્રિપાઠી નાટ્યાંતરિત સતત ધમાચકડી મચાવતું પ્રહસન 'આનંદ તરંગ' મળી જાય તો વાત યાદગાર બની જાય.

આ જુગલબંધી સંસ્થા દ્વારા આ વખતે સભ્યો માટે રજૂ કરવામાં આવી રહી છે. વર્ષ ૨૦૧૭-૧૮માં બે દિવસના સ્વરોત્સવ-૨૦૧૭, એ પછી બરખા કે રંગ કાર્યક્રમ બાદ ચોથા કાર્યક્રમ સ્વરૂપે જુગલબંધી કાર્યક્રમ આગામી તારીખ ૯ ડિસેમ્બર ને શનિવારના રોજ રાત્રે ૯.૩૦ કલાકે ગાંધીનગર ટાઉનહૉલ ખાતે યોજાઈ રહ્યો છે.

જૂની રંગભૂમિના જાણીતા અને લોકોમાં માનીતા અર્ચન ત્રિવેદી અને તેમની ટીમના કલાકારો પોતાનું પરફોર્મન્સ આ કાર્યક્રમ અંતર્ગત આપી રહ્યા છે. સૌ સભ્યોને અને રસજ્ઞોને આ કાર્યક્રમ માણવા માટે સંસ્થા તરફથી નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી એમ બી પટેલ કન્યા પ્રાઈમરી સ્કૂલની ધોરણ-૩ ડની ૨૦૦ વિદ્યાર્થીનીઓએ તાજેતરમાં રાંધેજા ગામમાં કુંભારના નિંભાડાની મુલાકાત લીધી હતી. નિંભાડાના માલિક દશરથભાઈના માર્ગદર્શન હેઠળ તેમના કારીગરો દ્વારા સુંદર માટીના જાતજાતના ઉપયોગી સાધનો - કોડિયાં, કુંજા, નાની માટલી, વિવિધ આકારના ગલ્લા, માટલાં - વગેરે ચાકડા પર બનાવતા અને ઘાટ આપતા તેમજ રંગ કરતા વિદ્યાર્થીઓએ નિહાળ્યા હતા. આ મુલાકાતનું આયોજન શાળાના મદદનીશ શિક્ષક જ્યોત્સ્નાબેન, રેખાબેન, લતાબેન, ઋષિકાબેન દ્વારા કરવામાં આવી હતી. આચાર્યા નીરૂબેન જે પટેલે તમામ શિક્ષકોને અભિનંદન પાઠવી નિંભાડાના માલિક દશરથભાઈ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી હતી.

### અશ્વિનભાઈ એ પટેલ કોમર્સ કોલેજના એનએસએસ યુનિટ દ્વારા

# મતદાન જાગૃતિ માટે પેઈન્ટીંગ સ્પર્ધા



ગાંધીનગર, તા. ૭

અશ્વિનભાઈ એ પટેલ કોમર્સ કોલેજના એનએસએસ યુનિટ દ્વારા મતદાન અંગે જાગૃતિ લાવવા માટે પેઈન્ટીંગની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૧૮ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં નુતિ પટેલ, સોનમ ગોર અનુક્રમે વિજેતા બન્યાં હતાં.

વિજેતા વિદ્યાર્થીઓનો પ્રિન્સિપાલ ડૉ. વિજ્ઞા ઓઝા અને પ્રોગ્રામ ઓફિસર ડૉ. રણછોડ રથવીએ સમગ્ર કૉલેજ પરિવાર વતી બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

સમગ્ર સ્પર્ધાનું આયોજન અને સંચાલન ડૉ. રણછોડ રથવી દ્વારા કરવામાં આવ્યું હતું. સ્પર્ધાને સફળ બનાવવા માટે એનએસએસ સેક્રેટરી જૈમિન પટેલ, પિન્કલ પટેલ, નિલાંજના રાય, વિરલ ચાવડા અને કુલદીપ રથવીએ પોતાનો સક્રિય સહયોગ આપ્યો હતો.

# ડૉ. એમ કે શાહ મેડિકલ કૉલેજ આગામી વર્ષે વિદ્યાર્થીઓને પ્રવેશ નહીં આપી શકે

ગાંધીનગર, તા. ૭

અમદાવાદમાં ચાલુ વર્ષે શરૂ કરાયેલી ડો.એમ.કે.શાહ મેડિકલ કોલેજમાં તાજેતરમાં એમસીઆઇ દ્વારા ઈન્સ્પેક્શન હાથ ધરવામાં આવ્યુ હતુ. કાઉન્સિલ દ્વારા કરાયેલા આ ઈન્સ્પેક્શનનો અહેવાલ જાહેર કરી દેવાયો છે. જેમાં આ કોલેજમાં કાઉન્સિલના નિયમો પ્રમાણે જરૂરી સુવિધાઓ અને સગવડ ન હોવાના કારણે આગામી વર્ષ એટલે કે વર્ષ ૨૦૧૮ માટે આ કોલેજને ના મંજુર કરી દેવામાં આવી છે. એટલે કે આગામી વર્ષ ૨૦૧૮માં આ કોલેજમાં કોઈ વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શકાશે નહી. કાઉન્સિલ દ્વારા જે ક્ષતિઓ દર્શાવવામાં આવી છે તે પૂર્ણ કરવામાં આવે અને ફરીવાર કાઉન્સિલ દ્વારા ઈન્સ્પેક્શન થાય તેમાં યોગ્ય અહેવાલ આવશે તો વર્ષ ૨૦૧૯ માટે કાઉન્સિલ દ્વારા મંજુરી આપવા અંગે વિચારણા કરવામાં આવશે. કાઉન્સિલના નિયમ પ્રમાણે જયાં સુધી કાયમી મંજુરી ન મળે ત્યાંસુધી નિયમિત રીતે દરવર્ષે ઈન્સ્પેક્શન કરાવવાનું હોય છે. આ પ્રમાણે તાજેતરમાં કાઉન્સિલ દ્વારા કોલેજનું ઈન્સ્પેક્શન કરવામાં આવ્યુ હતું, જેમાં ત્રુટિઓ દેખાતાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો.

# મહાકાલી ક્રિયાશક્તિ છે, કર્મ કરવાની પ્રેરણા આપે છે

ગાંધીનગર, તા. ૭

સામાન્ય રીતે એવી કહેવત છે કે, 'માગ્યા વગર તો મા ય ન પીરસે', પરંતુ માગ્યા વગર પીરસે એ જગદંબા છે. મા પરામ્બાના ઉપાસકો ભૌતિકથી માંડીને આધ્યાત્મિક પ્રગતિ સાધી શકે છે એમ રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા, પ્રજ્ઞાચક્ષુ યુવા કથાકાર ડૉ.કૃણાલભાઈ જોશીએ નવ દિવસીય દેવીભાગવત નવાહ્ન પારાયણ જ્ઞાનયજ્ઞ અંતર્ગત ઘાટલોડિયા ખાતે જણાવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે, બીનાપાર્ક મહિલા મંડળ દ્વારા આયોજિત તા.૧૨મી ડિસેમ્બર સુધી બપોરે ૧.૩૦થી સાંજે ૬.૦૦ દરમિયાન બીનાપાર્ક સોસાયટી, પ્રભાત ચોક પાસે, ઘાટલોડિયા ખાતે ચાલશે. મંગળવારે વરસાદી માહોલમાં પણ ભક્તો કથાશ્રવણમાં તલ્લીન જોવા મળ્યા હતા. શાસ્ત્રી ડૉ.કૃણાલભાઈ શાસ્ત્રીજીએ જણાવ્યું કે, કોઈપણ કાર્યમાં શક્તિની જરૂર પડે છે. આ જગતમાં કોઈ એવું સ્થાન બાકી નથી, જ્યાં જગદંબા બિરાજમાન ન હોય. પાંચેય તત્ત્વોથી માંડીને સચરાચર જગતમાં માતાજીનું સ્વરૂપ જોવા મળે છે. દરેક પ્રકારની ઊર્જામાં તેઓ વિદ્યમાન છે. શક્તિના જે ત્રણ સ્વરૂપો જાણીતા છે, તેમાં મહાકાલી એ ક્રિયાશક્તિ છે, જે કર્મ કરવાની પ્રેરણા આપે છે. મહાલક્ષ્મી એ દ્રવ્યશક્તિ છે, જો પ્રામાણિક પુરુષાર્થ કરવામાં આવે તો ધનપ્રાપ્તિ શક્ય બને છે, પરંતુ એ ધન કઈ જગ્યાએ વાપરવું, એ જ્ઞાન સરસ્વતી દેવી આપે છે. જે જ્ઞાનશક્તિ તરીકે ઓળખવાય છે. મા જગદંબાના ચરણનો મહિમા સમજાવતાં તેમણે જણાવ્યું કે, મા જગદંબાના ચરણના દર્શનથી ભૌતિક જગતનું સુખ પ્રાપ્ત થાય છે અને અંતે મોક્ષની પણ પ્રાપ્તિ થાય છે. જેવી રીતે શ્રીમદ્ ભાગવત મોક્ષ પ્રદાન કરે છે, એ જ રીતે દેવી ભાગવત પણ મોક્ષ પ્રદાન કરે છે. આ કથા રાજા પરીક્ષિતના મોક્ષ માટે થઈ હતી. જેના શ્રોતા જન્મેજય છે.

# સચિન : દરકાર અને તાલીમથી સીંચાયેલો પ્રેરણાદાયી છોડ









**પ્રસંગસર**
કુંતલ નિમાવત
knn786@gmail.com

૮મી ડિસેમ્બરનો દિવસ વિશ્વ માનસિક ક્ષતિ દિવસ તરીકે ઉજવાઈ રહ્યો છે ત્યારે વાત કરવી છે આ દિવસની સાચી ઉજવણી વર્ષોથી કરનાર અથવા કહો કે આવા દિવસોની ઉજવણી વર્ષેદહાડે કરવી જ પડે એવું કરનાર એક પરિવારની.

ગાંધીનગરના વિશિષ્ટ શિક્ષક અને સ્પેશિયલ ઑલિમ્પિક્સના ગાંધીનગર જિલ્લાના ગ્રોથ ઍન્ડ ડૅવલપમૅન્ટ મૅનેજર જિજ્ઞેશ રાવલે આ પ્રેરણાદાયી વાત ગાંધીનગર સમાચારને પહોંચાડી છે.

આ ગરવો પરિવાર એટલે સચિનનો પરિવાર. ગાંધીનગર નિવાસી સચિન રાજેન્દ્રભાઈ લેઉવા જન્મથી જ માનસિક વિશિષ્ટ. હાલ એમની વય ૩૦ વર્ષની છે. ૨૦૦૪માં પિતાના નિધન બાદ તેમનાં માતા રમીલાબેનને ૨૦૦૬માં આંકડા બ્યુરોમાં નોકરી મળી ગઈ. જિંદગીએ આપેલા આઘાતથી રમીલાબેને હાર ન માની અને ઘર તથા નોકરી બંનેની જવાબદારી સુપેરે સંભાળી. એટલે સુધી કે તેઓ વાહન ચલાવતાં અને કોમ્પ્યુટર પણ શીખ્યાં.

રમીલાબેનને સચિનથી નાની એક દીકરી, દિપીકા એનું નામ, જે બીઈ (ઈલે) થયેલી છે. દિપીકાએ પોતાનાં માતા સાથે મળીને સચિનને એવો તો સરસ તૈયાર કર્યો છે કે આજે સચિન ઘરનાં નાનાં-મોટાં કાર્યોમાં માતાને મદદ કરે છે. એટલું જ નહીં, પોતાનાં તમામ કાર્યો જાતે કરે છે.

દિપીકાએ સચિનને થોડું વાંચતાં-લખતાં અને મોબાઈલ તથા લેપટોપ ચલાવતાં પણ શીખવ્યું છે, જેનાથી સચિનને ખૂબ મજ્જા પડી ગઈ છે.

સચિન માત્ર પોતાની જવાબદારી સમજે કે તેને કંઈક કર્યાનો સંતોષ થાય એ ખાતર જ મા-દીકરીએ આ બધાં કાર્યો કર્યાં છે એવું નથી. આજે પણ તેને ઘરના એક સામાન્ય સભ્યની જેમ સ્વીકારવામાં આવે છે અને ઘરના તમામ નિર્ણયોમાં તેની સાજેદારી પણ હોય છે.

હા, એ એક અબુધ બાળક છે અને તેની તમામ ઈચ્છાઓ પૂર્ણ કરવી એ પરિવારનું ધ્યેય છે. એ ખાતર તો મોટરકાર લાવવાની ઈચ્છા સચિને વ્યક્ત કરી તો ઘરમાં મોટરકાર પણ લાવવામાં આવી, જે ચલાવતાં દિપીકા શીખી છે અને હવે સચિનને મન થાય ત્યારે મોટરકારમાં ફરવા પણ લઈ જાય છે.

પરિવારની દરકાર અને તાલીમ વિશિષ્ટ વ્યક્તિને ન માત્ર પગભર પરંતુ સફળ પણ બનાવે છે એ વાતનો સચિન જીવતો-જાગતો પુરાવો છે. માનસિક વિશિષ્ટ ખેલાડીઓ માટે યોજાતી રાજ્યકક્ષાની સ્પર્ધાઓમાં એ ચાર વખત ભાગ લઈ આવ્યો છે અને બે વખત તો મૅડલ પણ જીતી લાવ્યો છે. બોસી એ તેની પ્રિય રમત છે, જેમાં તેનો હાથ સારો એવો બેસી ગયો છે.

ન માત્ર ગાંધીનગર શહેર કે જિલ્લામાં પરંતુ રાજ્ય ને દેશમાંય અનેક પરિવારો એવા છે જે પોતાના ઘરમાં માનસિક વિશિષ્ટ બાળક હોય તો એ બાબતને પોતાની બદકિસ્મતી કે શરમ સમજે છે અને બાળકોને જાહેરમાં લાવતા નથી કે અન્ય સામાન્ય લોકો સાથે ભળવા દેતા પણ નથી. એની સામે આવા પરિવારો પણ છે, જેઓ પોતાના ઘરમાં માનસિક વિશિષ્ટ વ્યક્તિ હોય એને પોતાની કિસ્મત સમજે છે, એમની તાલીમ અને દરકારને પોતાની જવાબદારી સમજે છે, જેના કારણે આવાં બાળકો પણ સામાન્ય પ્રવાહમાં ન માત્ર આસાનીથી ભળી શકે છે, પરંતુ સમાજમાં સફળતા પણ પ્રાપ્ત કરી શકે છે.

રમીલાબેન અને દિપીકાએ જે કર્યું છે એ અન્યો માટે ચોક્કસ માર્ગદર્શક છે.